જિંદગી ટૂંકી હોય છે પણ એમાં રહેલી કલા અમર હોય છે
- હિપોક્રેટિસ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૬ | ૧૭ માર્ચ, ૨૦૧૩, રવિવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર જિલ્લાનો પ્રિ-ગુણોત્સવ

આવતીકાલથી જિલ્લાના બાળકોની ગુણવત્તા ચકાસણી માટે ૮૦૦ શાળાઓમાં આયોજન

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૧૮ થી ૩૦ માર્ચ સુધી ગાંધીનગર જિલ્લાની ૮૦૦ થી પણ વધુ શાળાઓમાં પ્રિ. ગુણોત્સવનું આયોજન જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા પ્રા. શાળાના બાળકોની ગુણવત્તા ચકાસણી માટે યોજવામાં આવતા ગુણોત્સવના કાર્યક્રમ પૂર્વે આ પ્રિ. ગુણોત્સવનું આયોજન તંત્ર માટે પૂરક બની રહે છે અને તેના સારા પરિણામો ૨૦૧૧-૧૨માં જોવા મળ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રિ. ગુણોત્સવ માટે ૯૦ જેટલી ટીમો બનાવવામાં આવી છે અને તે જિલ્લાના ચારેય તાલુકામાં જશે. આ ટીમોમાં કેળવણી નિરીક્ષકો, જિલ્લા શિક્ષણ તાલિમ ભવન, પ્રોજેક્ટના કર્મચારીઓ, સી.આર.સી. અને બી.આર.સી. શાળાના આચાર્યોને સમાવવામાં આવ્યા છે.

ટીમ જે તે ગામની શાળામાં વહેલી સવારથી જ જશે અને આખો દિવસ શાળામાં રોકાશે. આ ટીમ શાળાની સુવિધાઓ, શૈક્ષણિક સવલતો તેમજ બાળકોના ગણન-લેખન વાંચનની બાબતે કસોટી લઈ ગુણવત્તાની પણ ચકાસણી કરશે.

શિક્ષણ તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ટીમને ગુણોત્સવના નિયત કરાયેલ માપદંડ મુજબ એક ખાસ પ્રશ્નાવલી પણ તૈયાર કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક સુવિધા, ભૌતિક સુવિધા ઉપરાંત ગુણવત્તા વિષયક કસોટીના મૂલ્યાંકનની વિગતો ટીમે ભરવાની રહેશે. આ ઉપરાંત શિક્ષણક્ષેત્તર પ્રવૃત્તિઓ કઈ-કઈ ચાલે છે તેની વિગતો પણ દર્શાવવાની રહેશે.

જિલ્લા તંત્ર દ્વારા બે વર્ષથી ગુણોત્સવ પૂર્વે પ્રિ. ગુણોત્સવ યોજવામાં આવી રહેલ છે જે ઉલ્લેખનીય છે. ગુણોત્સવના છેલ્લા પરિણામમાં જિલ્લાએ તેનો આંક સુધારતાં તંત્રમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લા તંત્ર દ્વારા પ્રિ. ગુણોત્સવનું સંપૂર્ણ આયોજન સંપન્ન થઈ ગયુ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ૬૩૪ જેટલી સરકારી પ્રા. શાળાો છે. આ ઉપરાંત આશ્રમ શાળા, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને તેમજ ખાનગી શાળાઓને પણ આ પ્રિ. ગુણોત્સવમાં આવરી લેવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવનું આયોજન નવેમ્બર-ડિસેમ્બર દરમ્યાન કરવામાં આવતુ હોય છે પરંતુ ચૂંટણીના પરિણામે હવે એપ્રિલમાં આ ગુણોત્સવનું આયોજન કરવામાં આવે તેવી શક્યતાઓને ધ્યાને રાખી તંત્રએ પ્રિ. ગુણોત્સવનું આયોજન હવે કર્યું છે.



મને પાનખરની બીક ન બતાવો - વસંત અને પાનખર જીવનના ક્રમને સંદેશો આપતા હોય એમ પ્રકૃતિની ગોઠવણ છે. દરેક લીલા પાનને પીળા પડવાની બીક સતાવતી હોય છે... પરંતુ આ કુદરતના ક્રમને સ્વીકારવાની ક્ષમતા માનવ સહિત પ્રકૃતિના પ્રત્યેક જીવને અપાઈ છે... ફળ અને ફુલોથી લદાતું વૃક્ષ પાનખરમાં ખાલીપો અનુભવે છે અને માનવ જીવનને સંદેશો આપે છે કે ગમે તેવો વૈભવ જીવનના ઉત્તરાર્ધમાં છોડવાની ટેવ પાડવી જોઈએ અને વસંત પછી પાનખરને ભાવથી આવકારવા જીવન પથ પર ઉત્સાહપૂર્વક ફૂચ કરતા રહીએ.... (તસવીર : દિપક જાની)

(તસવીર : દિપક જાની)

ફાગણ ફોરમ તો આવ્યો - ફાગણના આગમન સાથે ગાંધીનગર પુનઃ ફુલોથી મ્હોરી ઉઠ્યું છે. લાલ અને પીળા ફુલોથી ઘ-માર્ગ વધુ આકર્ષક લાગી રહ્યો છે. પીળા ફુલો સૂર્ય પ્રકાશમાં ચમકી ઉઠે છે. નગરની શોભામાં વૃદ્ધિ કરે છે અને એ જ રીતે કેટલાક લાલ ફુલોથી સેન્ટ્રલ વીસ્ટા શોભી રહી છે. ગાંધીનગરની આતો મજા જ છે... અને આવનારા દિવસોમાં ગુલમહોર, ગરમાળો વધુ મ્હોરી ઉઠશે ત્યારે નગરનો પ્રાકૃતિક વૈભવ સોળે કળાએ ખીલશે....

ગાંધીનગર જિલ્લામાં વેરા વસુલાત માટે કડક તાકીદ

સરકારી લેણાંની બાકી વસુલીના આંકથી તંત્રને તાકીદ કરાઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લામાં વેરા વસુલી માટે તંત્રને કડક તાકીદ આજે જિલ્લા કલેકટરશ્રીએ કરી જણાવ્યું છે કે જે વિભાગોને પણ તેમની કચેરીઓના વેરાની બાકી ચુકવવાની હોય તે તાકીદે ચુકવી દેવામાં આવે.

જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની આજે કલેકટરશ્રી પી. સ્વરૂપના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં સરકારી લેણાંની બાકી વસુલીનો આંક જે રીતે વધી રહ્યો છે તેને લઈ ચોંકી ઉઠેલા કલેકટરે તંત્રને કડક તાકીદ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે વેરા વસુલાત અને સરકારી લેણાંની વસુલાત માટે દરેક વિભાગોને ટીમો બનાવી અને અસરકારક કામગીરી કરવા માટેની વાંરવારની સૂચનાઓનું પાલન નથી થતું એ દુઃખદ છે. તેમણે વસુલાત માટે હવે જે તે શાખાના અધિકારીને જ જવાબદાર ગણવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી પણ ઉચ્ચારી હતી.

જિલ્લા કલેકટરશ્રીએ વસુલાતની ધીમી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે શહેરીકરણ પામી રહેલ જિલ્લામાં આવી નબળી વસુલાત સાંખી શકાય નહિ. તેમણે પેથાપુર નગરપાલિકાની બાકી રકમનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે તંત્રએ આ માટે સઘન કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યભરમાં સ્વાઇનફ્લૂથી મૃત્યુઆંક ૧૧૮ પર પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ઘટશે અને ગરમી શરૂ થશે ત્યારે સ્વાઈનફ્લુનો રોગ કાબૂમાં આવશે તેવી રાજ્ય સરકારના તબીબી અધિકારીઓની ડેયાધારણ ખોટી પડી છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુથી દરરોજ ત્રણ ચાર મૃત્યુ નોંધાય છે. આજે રાજકોટ, ભાવનગર, જામનગર, બનાસકાંઠા અને ભૂજમાં થઈને કુલ સાત મોત નોંધાતા રાજ્યમાં સ્વાઈન ફ્લૂથી મૃત્યુનો આંકડો ૧૧૮ થયો છે.

ગાંધીનગરમાં ૨૦મીએ મહિલા સંમેલન

ગાંધીનગર, તા.૧૬

આગામી ૨૦મી માર્ચના રોજ ગાંધીનગર ટાઉનહોલ ખાતેજિલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજવામાંઆવશેજેમાં મહિલા લાભાર્થીઓનેસહાયનુંવિતરણ કરવા ઉપરાંત મહિલાઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવશે.

આજે જિલ્લા સંકલન સમિતિની બેઠક દરમિયાન જિલ્લા કલેકટરશ્રી પી. સ્વરૂપે આ મહિલા સંમેલન અંગેના આયોજનની વિગતવાર રૂપરેખા અધિકારીઓને આપી હતી.

આ મહિલા સંમેલનમાં ખાસ કરીને આંગણવાડી કેન્દ્રની મહિલાઓને માતા યશોદા એવોર્ડ સહિતના એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જે વિવિધ યોજનાઓ છે તેના ચેક પણ જે તે લાભાર્થીને આપવામાં આવશે.

આવો જ રાજયકક્ષાનો સમારોહ ૨૦મીએ અમદાવાદ ખાતે યોજાશે જેમાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહી અને ચેક તેમજ એવોર્ડ વિતરણ બાદ સૌને સંબોધશે અને તેનું લાઈવ કવરેજ ટાઉનહોલમાં દર્શાવવામાં આવશે.

(તસવીર : દિપક જાની)

મહાશાળામાં રાજનિતીના પાઠ - ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના એલ.ડી.આર.પી. કેમ્પસમાં છેલ્લા બે દિવસથી અલગ અલગ વિષય સાથે વિદ્યાર્થીઓ પોત-પોતાની કૃતિઓ રજૂ કરે છે. એક ગ્રુપે 'યુથ પોલિટિક્સ' વિષય પર સભા, સરવસ, મોક પાર્લામેન્ટ, સૂત્રોચ્ચારનો અભિનવ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. દેશના અને રાજ્યના વિવિધ પ્રશ્નો પર યુવાનોની સતર્કતા અને સજ્જતા ખરેખર કાબિલે દાદ હતી.

ગાંધીનગરમાં વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાંથી સ્વાઈનફ્લુના છુટા છવાયા કેસો હજુ પણ નોંધાઈ રહ્યા છે. આજે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામના એક ૫૭ વર્ષીય આધેડને સ્વાઈન ફ્લુ થયો હોવાનું બહાર આવ્યું છે. આ કેસ સાથે સ્વાઈન ફ્લુ ગાંધીનગર તાલુકામાં ૧૦ અને જિલ્લામાં ૧૭ના આંકે પહોંચી ગયો છે. આ રોગથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૪ પર પહોંચી છે.

સ્વાઈન ફ્લુ કેસો ગરમી વધતાં ઘટવા જોઈએ પણ જે ઝડપથી સ્વાઈન ફ્લુના કેસોનો આંક વધી રહ્યો છે તેનાથી તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે. તંત્ર દ્વારા આ માટે જનજાગૃતિનુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તેમ છતાં પણ ગાંધીનગર જિલ્લામાં છુટા છવાયા સ્વાઈન ફ્લુના દર્દીઓ મળવાનું ચાલુ રહેતા તંત્ર સમક્ષ ચિંતાનો મુદ્દો બન્યો છે.

આજે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામના એક ૫૭ વર્ષીય આધેડ પુરૂષને સ્વાઈન ફ્લુ હોવાનું બહાર આવ્યું છે. આ આધેડને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવામાં આવ્યા છે.

સાબરમતી જેલ સુરંગકાંડ મામલે ૪ આરોપી કસ્ટડી મેળવવાની અરજી મંજૂર

અમદાવાદ, તા.૧૬

રાજ્યના ખૂબ જ ગંભીર અને ચકચારભર્યા સાબરમતી જેલ સુરંગકાંડમાં સંડોવાયેલો ૧૪ આરોપીઓ પૈકી બાકી રહી ગયેલા ચાર આરોપીઓ સેકુર રહેમાન, ઈમરાન શેખ શાકીબ નિસાર અહેમદ, મોહમંદ ઉસ્માન અનિષ મન્સુરીની કસ્ટડી મેળવવા કરેલી શહેર ક્રાઈમ બ્રાન્ચની અરજી નામદાર કોર્ટે ગ્રાહ્ય રાખી છે.સાબરમતી જેલ સુરંગ કોર્ટમાં સંડોવાયેલા ૧૪ આરોપીઓ પૈકી ૧૦ આરોપીઓના રીમાન્ડ અને જેલ કસ્ટડીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે બાકી રહેલા ચાર આરોપીઓ સામે કાયદાકીય પ્રક્રિયા આગળ ચલાવવા શહેર ક્રાઈમ બ્રાંચે ચારેય આરોપીઓની કસ્ટડી મેળવવા નામદાર કોર્ટમાં અરજી કરી હતી. જેમાં કોર્ટે ક્રાઈમ બ્રાંચની અરજી ગ્રાહ્ય રાખી કસ્ટડી મેળવવાનો હુકમ કર્યો છે.

'ગુજરાત સરકાર'માં Dy.SP / DC / મામલતદાર / TDO / SOની નોકરી મેળવો!
GPSC 1350
ઈકોનોમિક બેચ-2013
4 માસની મર્યાદિત સમયની પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ
ફી ₹16,000 (F), ₹18,000 (M)
01.04.2013 થી નવી ફી લાગુ પડશે
19 વર્ષ થી ઓછા ઉમરવાળાની સફળતા 92.37%
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
HELPLINE NUMBER : 9328714588
1800+ 'તલાટી'ની જગ્યાઓ! 13000+ જગ્યાઓ, કોન્સ્ટેબલની જગ્યાની રૂંક સમયમાં !!

AMI TOUR & TRAVELS
ચારધામ-હિ.૧૮
ઉ.તા. ૨૫/૫/૧૩, ૧૮/૬/૧૩
કુલ્લુ-મનાલી-શિમલા-ડેલહાઉસી, વૈષ્ણોદેવી-અમૃતસર-દિલ્હી-જયપુર
હિ.૧૬ ઉ.તા. ૭/૫/૨૦૧૩
ઉ.ભારત : દિલ્હી-હરિદ્વાર-આગ્રા, ગોકુળ-મથુરા-વૃંદાવન-શ્રીનાથજી વિ.
હિ.૧૧ ● ઉ.તા. ૨૫/૩/૨૦૧૩
Goa-મહાબળેશ્વર-લોનોવાલા
હિ.૮ ● ઉ.તા. ૧૫/૪/૨૦૧૩
M. 9713517738
M. 9624639750

Spoken English
નાણાવટી The Leader...
મો.નં. ૦૩૭૫૧ ૨૦૮૨૮

ફક્ત ૧૫ મિનિટ માં ટોકળા તૈયાર.
pooja
પૂજા ના ટોકળા નું ખીરૂ
500 gm
ફ્રી
હવે,
LIVE DHOKLA KHIRU
ગાંધીનગર શહેર અને આજુબાજુના વિસ્તાર માટે વેપારી પૂછપરછ આવકાર્ય
8/8 District Shopping Center Sector 21 Gandhinagar

આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
Feelings
Video - Photo
vivify
Vision Video Films Production
Available Services :
SQHD Live Setup
Zimi 35 FL
Full HD Camera Setup
L.E.D. Wall Screen
Web Live Telecast through Internet
Plazma TV / Projector Screen
Mo. 98248 28169